નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની નાયબ નિયામકશ્રી(અ.જા.ક.)ની કચેરી, બોટાદ અને નવસારીનું આધૂનિકરણ કરવા અંગેની વર્ષ <u>૨૦૨૧-૨૨ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત</u> રૂ.૨૩.૯૬ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૧૯/ન.બા-૨/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૦૮/૦૬/૨૦૨૧

<u>વંચાણમાં લીધા-</u>

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૮/૦૪/૨૦૨૧નો પત્ર ક્રમાંક:અજાક/રેકર્ડ/૨૦૨૧/૪૪૩/ખ

<u>આમુખ:-</u>

નાણાંકીય વર્ષ:-૨૦૨૧-૨૨માં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર હેઠળની નાયબ નિયામકશ્રી(અ.જા.ક.) બોટાદ અને નાયબ નિયામકશ્રી(અ.જા.ક.), નવસારી ખાતેની જિલ્લા કચેરીઓના આધૂનિકરણ અંગેની નવી બાબતને સૈધ્ધાંતિક મંજૂરી મળતાં કુલ રૂ.૨૩.૯૬ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. નાણાંકીય વર્ષ:-૨૦૨૧-૨૨માં કરવામાં આવેલ રૂ.૨૩.૯૬ લાખની જોગવાઇ અન્વયે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા વંચાણમાં લીધેલ તા:૦૮/૦૪/૨૦૨૧ના પત્રથી ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા સરકારશ્રીમાં દરખાસ્ત મોકલી આપેલ છે.

<u>ઠરાવ:-</u>

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, નાયબ નિયામકશ્રી(અ.જા.ક.), બોટાદ અને નાયબ નિયામકશ્રી(અ.જા.ક.), નવસારી ખાતેની જિલ્લા કચેરીઓના આધૂનિકરણ અંગે નાણાંકીય વર્ષ:૨૦૨૧-૨૨માં રૂ.૨૩.૯૬ લાખની નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

## શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાંણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગૂ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૭) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૮) બાંધકામના કામોમાં P.W.D મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૯) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજ્ના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

(૧૦) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૧૧)રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી ક્લીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતા પહેલા જરૂરી ચોકસાઇ કરી લેવાની રહેશે.

(૧૨) આ કામની ડીઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૪) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઇ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ:૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં 'માંગણી ક્રમાંક: ૯૫, સેકટર: (ખ) સામાજિક સેવાઓ, સબ સેકટર:(ગ) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, મુખ્ય સદર: ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૧ અનુસૂચિત જાતિનું કલ્યાણ, ગૌણ સદર: ૦૦૧ નિર્દેશ અને વહીવટ, પેટા સદર: (૫) SCW-23, બધી કક્ષાએ વહીવટી તંત્રને સંગીન બનાવવું' હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૭/૦૫/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
6. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
7. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. સેકશન અધિકારી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

9. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવા વિનંતી.
10. પસંદગી ફાઇલ-૨૦૨૧.